# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર : –**

વિષય: રાજય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃતિઓ હેઠળની ડીઝીટલ પોર્ટલ પરની અરજીઓ વેરીફાય કરીને મોકલી આપવા બાબત.

સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,ગાંધીનગરના તા.૦૭/૦૨/૨૦૧૮ ના પત્ર ક્રમાંક નં.હ–ર /સ્કો/૨૦૧૮/૬૧૩–૧૧૨૪

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ અને પી.જી. સેન્ટરના વડાઓને તેમજ ભવનોના અઘ્યક્ષશ્રીઓને ઉપર્યુકત સંદર્ભ પત્ર થી જણાવવામાં આવે છે કે રાજય સરકારશ્રી તરફથી જુદી જુદી શિષ્યવૃતિઓ એનાયત કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭–૧૮ની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃતિઓ ડીઝીટલ પોર્ટલ પર ઓન લાઈન અરજીઓ મોકલી આપવા માટેની છેલ્લી તા.૩૧/૧૨/૨૦૧૭ હતી. કોલેજ દ્વારા અરજીઓને રીજેકટ કરવાની,વેરીફાય થયેલ અરજીઓને કોલેજ કક્ષાએથી સંબધિત ઓથોરીટીને ફોરવર્ડ કરવા અંગેની તમામ કાર્યવાહી તા.૧૫/૦૨/૨૦૧૮ પહેલા પૂર્ણ કરવાની જવાબદારી જે તે કોલેજની રહેશે.તા.૧૫/૦૨/૨૦૧૮ પછી આવી કોઈ અરજીની કાર્યવાહી કરવાની કોલેજ દ્વારા બાકી હશે તો તેની જવાબદારી કોલેજ/સંસ્થાની રહેશે જેની નોંધ લેશો.

KHBapodra

રજીસ્ટ્રાર

(OSD)

બિડાણ:સંદર્ભ પત્રની નકલ

નં. : બીકેએનએમયુ/રજી./૧૦૫૭ /૨૦૧૮
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ, બિલખા રોડ, ખડીયા, જુનાગઢ.
તા. ૧૨/૦૨/૨૦૧૮

**પ્રતિ,**

**ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ અને પી.જી. સેન્ટરના વડાઓ તરફ...**

**નકલ સાદર રવાના :–**

૧. માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૨. એકેડેમિક વિભાગ

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**

૧. આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિઘ્ધ કરવા અર્થે)

અરજી વેરીફાય કરવાની છેલ્લી તા.૧૫/૦૨/૨૦૧૮

ક્રમાંકઃ હ-૨/સ્કો/૨૦૧૮/૬૯૩-૧૧૨૪
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ.જી. મ. ભવન, બ્લોક નં.૧૨,
ગાંધીનગર
તા.૦૧/૦૨/૨૦૧૮

પ્રતિ,

- ઉપ કુલપતિશ્રી, યુનિવર્સિટીઓ, તમામ..
- આચાર્યશ્રી, સરકારી કોલેજો, તમામ
- આચાર્યશ્રી, બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજો, તમામ..

વિષયઃ- રાજય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓ હેઠળની ડીઝીટલ પોર્ટલ પરની અરજીઓ વેરીફાય કરીને મોકલી આપવા બાબત..

સંદર્ભઃ- (૧) શિક્ષણ વિભાગના તા.૧૪/૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃએસસીએચ/૧૧૧૬/૫૩૯/છ ઉપરના આ કચેરીના તા.૧૮/૮/૨૦૧૭ના શેરા ક્રમાંકઃહ-૨/સ્કો/ ૨૦૧૭/ ૧૬૦૭-૨૧૩૯
(૨)અત્રેના પત્રાંકઃ કઃહ-૨/સ્કો/ ૨૦૧૭/૨૨૧૩-૨૭૫૬ તા.૭/૯/૨૦૧૭
(૩)અત્રેના પત્રાંકઃ કઃહ-૨/સ્કો/ ૨૦૧૭/૨૮૪૨-૩૩૮૫ તા.૨૯/૯/૨૦૧૭
(૪)અત્રેના પત્રાંકઃ કઃહ-૨/સ્કો/ ૨૦૧૭/૩૫૧૧-૪૦૫૫ તા.૮/૧૧/૨૦૧૭
(૫) અત્રેના પત્રાંકઃ કઃહ-૨/સ્કો/ ૨૦૧૭/૪૧૬૪-૪૬૭૪ તા.૨૭/૧૧/૨૦૧૭
(૬) અત્રેના પત્રાંકઃ કઃહ-૨/સ્કો/ ૨૦૧૭/૪૭૨૯-૫૨૪૦ તા.૨૮/૧૨/૨૦૧૭

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજયની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોમાં અભ્યાસ કરતા અને યુનિવર્સિટી ખાતે સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓને રાજય સરકારશ્રી તરફથી જુદી જુદી શિષ્યવૃત્તિઓ એનાયત કરવામાં આવે છે. જેમાં ઉકત સંદર્ભ દર્શિત પત્રોથી સને.૨૦૧૭-૧૮ના વર્ષની અરજીઓ ઓન લાઈન મોકલી આપવા માટે આ અગાઉ જણાવવામાં આવેલ છે જેમાં અરજી કરવાની છેલ્લી તા.૩૧/૧૨/૨૦૧૭ હતી. જે પૂર્ણ થયેલ છે.

આપની સરકારી કે ગ્રાન્ટેડ કોલેજોમા અભ્યાસ કરતાં વિધાર્થીઓએ તા.૩૧/૧૨/૨૦૧૭ પહેલાં ઓન લાઈન અરજી કરીને જે તે સબંધિત કોલેજના લોગીનમાં ફોરવર્ડ કરેલ છે, જે અરજીઓ નિયત સમય મર્યાદામાં મોકલવાની હતી , પરંતુ હજું પણ કોલેજ કક્ષાએથી ઉપલી ઓથોરીટીને ફોરવર્ડ કરવાની બાકી રહી ગયેલ છે તેવી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે આવી વેરીફાય કરીને ફોરવર્ડ કરવાની બાકી રહી ગયેલ અરજીઓ તાત્કાલિક દિન.૩ ઉપલી ઓથોરીટીને ફોરવર્ડ કરી દેવાની રહેશે અથવા રીજેકટ કરવાપાત્ર અરજીઓ આપની કક્ષાએથી રીજેકટ કરવાની રહેશે. આમ જે તે કોલેજના આચાર્યશ્રીઓના લોગીન જે અરજીઓ હજી પણ પેન્ડિંગ છે તેની કામગીરી તા.૧૫/૦૨/૨૦૧૮ પહેલાં પૂરી કરી દેવાની રહેશે. તા.૧૫/૦૨/૨૦૧૮ પછી આવી કોઈ અરજી આપના લોગીનમાં બાકી રહી ગઈ હશે તો તેની જે તે જવાબદારી આપની કોલેજની રહેશે. જેની નોંધ લેશો.

નાયબ શિક્ષણ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાનાઃ-

- આઈ.ટી.શાખા, સદર કચેરી, આ કચેરીના ઈ-ગ્યાન પોર્ટલ ઉપર મૂકવા માટે...